રેફરન્સ ( આઈ.ટી.) નં. ૨૯/૨૦૨૪

**<u>-: આંક- ૨૦ હેઠળ હુકમ :-</u>**

સદર વિવાદ સંબંધીત શ્રમયોગી શ્રીમતી કુલબેન દેવજીભાઈ આહીરને પાંચ વર્ષ અને ૯૦૦ દિવસ પુરા જે તારીખે થતા હોય તે તારીખથી કાયમી જાહેર કરી તે મુજબના લાભો ચુકવી આપવા અંગેનો છે.

બીજા પક્ષકાર ધ્વારા આક ૨૦ થી પ્રથમ પક્ષકારના કબજામાં રહેલ દસ્તાવેજો સંસ્થા હાલના કામે રજુ કરે તે મુજબની દાદ માંગતી અરજી હાલના કામે રજુ કરેલ છે.

સદર કામનો રેકર્ડ વંચાણે લેતા બીજા પક્ષકાર તરફે આંક ૧૩ થી સંબંધીત શ્રમયોગીની પુન:સ્થાપિત થવાની મેટર ના. વડી અદાલતમાં સ્પે. સીવીલ એપ્લિકેશન નં. ૩૧૦૮/૨૪ થી પડતર હોવાનુ જણાવેલ છે. ના. વડી અદાલત સમક્ષની પડતર મેટર પરથી સંબંધીત શ્રમયોગીનો મુળ રેફરન્સ અંગે મુળ રેફરન્સના વિવાદનો નંબર શોધતા મુળ વિવાદ મજુર અદાલત સમક્ષ રેફરન્સ નં.૫૪૭/૨૦૧૫ ચાલી જતા મજુર અદાલતે તેમના તા.૮/૮/૧૯ ના હુકમથી સંબંધીત શ્રમયોગીનો નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરવાનો વિવાદ રદ કરેલ છે.

સંબંધીત શ્રમયોગીનો વિવાદ સને ૨૦૧૯ મા રદ થયા બાદ સંબંધીત શ્રમયોગીઓ સદર હુકમ ના. વડી અદાલત સમક્ષ સને ૨૦૨૪ માં પડકારેલ છે.

મુળ રેફરન્સનો હુકમ તથા હાલના કામના પક્ષકારોના પ્લીડીંગ ધ્યાને લેતા સંબંધીત શ્રમયોગી હાલ સંસ્થાની નોકરીમાં ચાલુ નથી. સંબંધીત સંસ્થાની નોકરીમાં ચાલુ ન હોઈ આ શ્રમયોગીને નોકરીમાં કાયમી કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હોઈ બીજા પક્ષકારની દસ્તાવેજોની માંગણી કરતી આંક-૨૦ ની અરજી આ સંજોગોમાં કાયદેસર ચાલી શકે તેમ ન હોઈ દસ્તાવેજોની માંગણી કરતી આંક-૨૦ ની અરજી રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Digitally signed by
ASHVINKUMAR ANILKUMAR DAVE
Reason: ORDER
at AHMEDABAD
on 23/06/2026 16:04:29 IST.

તા. ૨૩-૦૬-૨૦૨૬
સ્થળ: અમદાવાદ

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ